# ક્રિમિનલ કેસ નંબર–૬૦૧૧૨૯/૧૩

**આંક–૧ લગત હુકમ**

સદર કામે ફરીયાદીએ આરોપી સામે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ આ ફરીયાદ કરેલી છે અને આ કામે આરોપી સામે સમન્સ કાઢવાનો હુકમ થયેલ છે,પરંતુ ના.સર્વોચ્ચ અદાલતે આર.આર.ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.તથા મકસુદ સૈયદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તુલારામ વિરૂધ્ધ કિશોરસીંગના કેસમાં સ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયો હોય તો તેને મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે તેવું કહી શકાય નહીં અને મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે, તેવું ત્યારે જ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડીશીયલ માઈન્ડ એપ્લાય કરેલ હોય.

આ કામે ફરીયાદીએ આરોપી સામે લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૨૨(બી) ની પેટા કલમ–૧ ના ખંડ–બી હેઠળ આ ફરીયાદ કરેલી છે અને તે કાયદાની કલમ–૨૨(બી)ના ખંડ(૨) ની પેટા કલમ (૧) જોતા જયારે કલમ–૨૨ની પેટા કલમ(એ) અથવા (બી) મુજબના ગુના અંગે કલમ–૨૨(બી) ના ખંડ–૧ માં જણાવેલ સત્તાઓ પાસેથી સેંકશન મેળવી હોય તેના ૧ માસમાં ફરીયાદ કરેલ હોય તો જ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે.

હાલના કેસમાં ફરીયાદીએ કોઈ સેંકશન રજુ કરેલ નથી અને ફરીયાદી પોતે ઈન્સ્પેકટર છે અને તેથી સેંકશન જરુરી નથી તેવું માની લઈએ તો પણ ૧ માસમાં ફરીયાદ કરેલી નથી અને લાંબા સમયથી હાજર નથી તે તમામ સંજોગોમાં ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવું છું.

મુકામ :– અમદાવાદ.
તા.૧–૧–૨૦૧૮.

(એ.એ.વાયડા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૬,અમદાવાદ.
જીજે ૦૦૯૮૬